# શહેરમાં હવે ડિફેન્સ એક્સ્પો

## ૧૮થી ૨૨ ઓક્ટોબર દરમિયાન યોજનાર ડિફેન્સ એક્સ્પોની ચાલી રહેલી તડામાર તૈયારીઓ

ગાંધીનગર,તા.૯

ગાંધીનગરમાં આગામી તા.૧૮ થી તા.૨૨ ઓક્ટોબર દરમ્યાન ચાર દિવસ માટે ભવ્ય ડિફેન્સ એક્સપો યોજાવા જઈ રહ્યો છે જેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ માર્ચ મહિનામાં આ ડિફેન્સ એક્સપો યોજાવાનો પરંતુ તે સમયે કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટના વધતાં કેસોની સંખ્યા તેમજ યુક્રેન-રશિયા વચ્ચે શરૂ થયેલાં યુદ્ધના કારણે તે મુલત્વી રખાયો હતો.



આ ડિફેન્સ એક્સપોમાં ભારત સહિત દુનિયાભરની શસ્ત્ર નિર્માણ કંપનીઓ તેમના અત્યાધુનિક શસ્ત્રો સાથે આવશે તેમજ શહેરીજનોને અનેક પ્રકારના ફાઈટર જેટ, હેલિકોપ્ટર્સ, ટેંકો, લેટેસ્ટ તોપો, મશીનગન્સ વગેરે પ્રત્યક્ષ નિહાળવા મળશે. આકાશમાં લડાકુ વિમાનોના કરતબ જોવા મળશે, જે શહેરીજનો માટે મોટો લ્હાવો બનશે.

ગાંધીનગરમાં ડિફેન્સ એક્સપોને અનુલક્ષીને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરના સેક્ટર-૧૧ ખાતેના રામકથા મેદાનમાં પણ મોટા ડોમ ખડાં થઈ રહ્યાં છે તેમજ હેલીપેડ ખાતેના એક્ઝિબિશન સેન્ટર ખાતે અનેકવિધ વિશાળ સૈન્ય સાધનો અને ઉપકરણોનો જથ્થો આવી રહ્યો છે. ગુજરાતમાં પ્રથમ વખત આવો ડિફેન્સ એક્સ્પો યોજાશે જેનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરાવશે અને સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘ પણ હાજર રહે તેવી શકયતા છે.



નવરાત્રી પૂર્ણ થઈ નથી કે બજારોમાં દિવાળીની રોનક જોવા મળી રહી છે. ઘર સજાવટની વિવિધ ચીજવસ્તુઓ, દીવડાઓની ખરીદી થવા લાગે છે. આ વર્ષે બજારોમાં નવા પ્રકારના દીવડાઓ જોવા મળી રહ્યા છે. તેલ પુરવાની ઝંઝટ વિનાના આ એલઈડી દિવડાઓ સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

# શહેરમાં બે દિવસના વરસાદી ભીંજારા બાદ આકરો બફારો

## વરસાદી વાદળો દુર થતા વાતાવરણમાં અચાનક જ ઉકળાટનુ પ્રમાણ વધ્યુ : સેકટરોમાં પણ વરસાદી સમસ્યાઓથી રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં ચોમાસાની સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. જયારે નવરાત પર્વ દરમિયાન વરસાદી વાદળો વિખેરાઈ જતા ખૈલેયાઓમાં પણ હાંશકારો પ્રવર્તયો હતો જયારે નવરાત બાદ અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક બદલાવ જોવા મળ્યો હતો. નવરાતના બીજા જ દિવસથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. જેના લીધે છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી વાયરો યથાવત છે. બે દિવસથી હળવા ભારે વરસાદી ઝાપટા વરસતા શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે આજે દિવસ દરમિયાન વાતાવરણ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ બીજીતરફ ઉકળાટનુ પ્રમાણ વધતા નગરજનો બેબાકળા બન્યા હતા. આજે આકરા બફારાથી ત્રસ્ત શહેરીજનો પરસેવે ભીંજાયા હતા.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે આકાશી નઝારો બદલાયેલો જોવા મળ્યો હતો. જયારે સતત બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા વરસતા શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદી ઝાપટના લીધે વાતાવરણમાં અનોખી ઠંડક પ્રસરી હતી. ગઈકાલે રાત્રીના સમયે પણ ઠંડા પવનની લહેરકી સાથે વાતાવરણમાં શિયાળા જેવી ઠંડકનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. વાતાવરણ પલ્ટા પુર્વે આકરા બફારાથી નગરજનો તોબા પોકારી ગયા હતા. નવરાત દરમિયાન પણ સતત ઉકળાટનો માહોલ રહેતા શહેરીજનોએ પરસેવે નિતરતી ગરમી અનુભવી હતી. જો કે નવરાત્રિના પર્વના અંતે વાતાવરણમાં અચાનક જ નાટયાત્મક બદલાવ જોવા મળ્યો હતો.

આકરી ગરમી અને ઉકળાટ વચ્ચે આકાશમાં વાદળોના ઘેરાવ વચ્ચે વરસાદી ઝાપટા વરસવાનુ શરૂ થયુ હતુ. નવરાત પર્વના બીજા જ દિવસથી રોજ બરોજ શહેરમાં આકાશમાં ઘેરાયેલા કાળા ડીબાંગ વાદળો ગમે ત્યારે વરસાદ વરસાવશે તેમ સ્પષ્ટ થતુ હતુ. છેલ્લા બે દિવસથી વરસાદી નઝારો યથાવત રહ્યો હતો જેના લીધે શહેરમાં એક ઈંચ જેટલો વરસાદ પણ વરસ્યો હતો વરસાદી વાયરા વચ્ચે નગરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતા સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પુન : જીવિત થઈ છે. સેકટરોમાં ગંદકી અને રખડતા ઢોરનો પ્રશ્ન હાલ વધુ પેચીદો બન્યો છે.

મોસમનો મિજાજ બદલાતા છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ જોવા મળી હતી. મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી સુધી નીચે આવી ગયુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ માત્ર ૫ થી ૬ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. બીજીતરફ ભેજનુ પ્રમાણ પણ વધ્યુ છે. જો કે આજે સવારથી આકાશ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ આકાશમાં વરસાદી વાદળોની ગેરહાજરી રહી હતી.

જો કે બપોરના સમયે થોડીવાર માટે જળ ભરેલા વાદળો ડોકીયુ કરી ગયા હતા પરંતુ એકંદરે વાતાવરણ ચોખ્ખુ રહ્યુ હતુ બીજીતરફ વરસાદી વાદળો દુર હટવાની સાથે આજે વાતાવરણમા અસહ્ય ઉકળાટ વર્તાયો હતો. સેકટરવાસીઓ આકરા બફારાથી તોબા પોકારી ગયા હતા. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૮ ડીગ્રી રહ્યુ હતુ.

# વંદે ભારત ટ્રેઈન સીધી મુંબઈ સેન્ટ્રલ સ્ટોપ થતા રેલયાત્રિકોને હાલાકી

## બોરીવલી , અંધેરી, દાદર સહીતના સ્ટોપેજ આપવા રજુઆત : રેલયાત્રિકોએ વધુ દોઢ કલાક મુસાફરી કરવી પડે છે

ગાંધીનગર તા ૯

ગાંધીનગરથી મુંબઈ જવા માટે વંદે ભારત ટ્રેઈન સેવા શરૂ થતા રેલવે યાત્રિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે. બીજીતરફ આ ટ્રેઈન સીધી મુંબઈ સેન્ટ્રલ સ્ટોપ આપતા રેલ યાત્રિકોને હાલાકી વેઠવી પડે છે. ગાંધીનગરથી શતાબ્દિની ટ્રેઈન સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. ત્યારે આ મામલે સ્થાનિક અગ્રણીઓએ પણ રેલ યાત્રિકોને પડતી હાલાકીને અનુલક્ષી ઉગ્ર રજુઆત કરી છે. જેમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરથી દોડતી વંદે ભારત ટ્રેઈન અમદાવાદ , વડોદરા, સુરત સ્ટોપ કરીને નોન સ્ટોપ સીધી મુંબઈ સેન્ટ્રલ પહોંચે છે. અલબત્ત મુંબઈના બોરીવલી , અંધેરી દાદર સહીતના સ્ટેશન પર જવા માટે રેલયાત્રિકોએ વધુ એકથી દોઢ કલાક સમય બગાડવો પડે છે. જયારે અન્ય ટ્રેઈન સેવા કે ટેકસીની મદદથી જવુ પડે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વંદે ભારત ટ્રેઈનને બોરીવલી અને દાદર જેવા સ્ટેશનને પણ સ્ટોપ આપવા માટે રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગરથી મુંબઈ રૂટમાં વંદે ભારત ટ્રેઈન ટ્રેક પર દોડતી થતા મુસાફરોને વધુ ઝડપી અને આરામદાયક મુસાફરીનો લાભ મળે છે. જયારે વંદે ભારત ટ્રેઈન સીધી મુંબઈ સેન્ટ્રલ પર સ્ટોપ થતા મુંબઈના બોરીવલી અંધેરી અને દાદર સહીતના સ્ટેશન પર સ્ટોપ થવા ઈચ્છતા રેલ યાત્રિકોએ પણ સીધા સેન્ટ્રલ સુધીની મુસાફરી કરવી પડે છે. જેના લીધે રેલયાત્રિકોનો એક થી દોઢ કલાકનો સમય બગડે છે. આ ઉપરાંત વધુ પૈસા ખર્ચીને દાદર કે અંધેરી જવા માટે ટેકસી કે લોકલ ટ્રેઈનમાં બેસવાના વારા આવે છે. ગાંધીનગરથી દોડતી વંદે ભારત ટ્રેઈન અમદાવાદ , વડોદરા, સુરત સહીતના સ્ટેશન પર સ્ટોપ થાય છે. જયારે મુંબઈમાં સેન્ટ્રલ સ્ટેશન પર જ સ્ટોપ થાય છે. આ સ્થિતિ વચ્ચે આમ મુસાફરો આ ટ્રેઈન સુવિધાનો લાભ લેવાનુ ટાળે છે. ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર વધુ ટ્રેઈન સેવા પુરી પાડવા માટે પણ વારંવાર રજુઆત કરવામાં આવે છે. કરોડો રૂપિયાના ખર્ચે સ્ટેશનનો વિકાસ કરવામાં આવ્યો છે. જયારે વધુ ટ્રેઈન લંબાવાની માંગણી હજુ સુધી સંતોષાઈ નથી ત્યારે કેપિટલ સ્ટેશનને વધુ ટ્રેઈન મળે તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ વંદે ભારત શરૂ કરાયા બાદ શતાબ્દિ એકસપ્રેસ બંધ કરી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાના બે દર્દીઓ નોંધાયા

## રૂપાલ ખાતે ૩૦ વર્ષિય મહિલાનો અને દહેગામના રખીયાલમાં ૪૮ વર્ષિય પુરુષનો કોવીડ રીપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો એક પણ કેસ ચોપડે નોંધાયો નથી. જયારે કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. તેમ છતા આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. જયારે ચાર દર્દીઓ સ્વસ્થ થતા તેઓને રજા આપવામાં આવી છે. જયારે રૂપાલ ખાતે ૩૦ વર્ષિય મહિલાનો અને દહેગામના રખીયાલમાં ૪૮ વર્ષિય પુરુષનો કોવીડ રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જયારે બંન્ને દર્દીઓએ હોમઆઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં નવરાત્રી બાદ વરસાદી ઝાપટાને પગલે ઠેરઠેર ગંદકી જોવા મળી રહી છે. જેથી મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. બેવડી સિઝનને પગલે દિવસે ગરમી અને રાત્રે ઠંડીના ચમકારા વચ્ચે નાગરીકોના આરોગ્ય પર અસર થવા પામી છે. જેથી હાલ તાવ, શરદી, ખાંસી સહિતના દર્દીઓ જોવા મળી રહ્યા છે. ત્યારે હાલ સ્વાઈન ફલુનો એકપણ કેસ જિલ્લામાં નોંધાયો નથી.

જયારે કોવીડના દર્દીઓની સંખ્યામાં પણ બે આંકડામાં જોવા મળી રહી નથી. ત્યારે આજે જિલ્લામાં દહેગામ અને ગાંધીનગરના રૂપાલ ખાતે એકએક કેસ કોવીડના નોંધાયા છે. જયારે ચાર જેટલા દર્દીઓ સ્વસ્થ થતા રજા આપવામાં આવી છે. ત્યારે કોવીડ અને સ્વાઈન ફલુના દર્દીઓમાં ઘટાડો જોવા મળતા આરોગ્ય તંત્રએ પણ રાહતનો દમ લીધો છે.




રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે સવારે ૧૦:૦૦ વાગ્યે ગાંધીનગરના ચ-૦ સર્કલ ખાતેથી ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત ૧૧૯ કિલોમીટર પુરુષ ગૃપ સાયક્લિંગ સ્પર્ધાને ધ્વજ ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે એશિયન સાયક્લિંગ કન્ફેડરેશનના સેક્રેટરી જનરલ શ્રી ઓમકારસિંહે મંત્રી શ્રી સંઘવીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું.સાયક્લિંગ કન્ફેડરેશન ઑફ ઈન્ડિયાના સેક્રેટરી જનરલ શ્રી મનિન્દરપાલ સિંધ, સાયક્લિંગ કન્ફેડરેશન ઑફ ઈન્ડિયાના ખજાનચી શ્રી પ્રતાપ જાધવ તથા રમત ગમત ક્ષેત્રના અન્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અનંત પટેલ આદિવાસીઓને ભડકાવી રહ્યા છે : પાટીલ

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકારણ ગરમાઈ રહ્યું છે. ગુજરાત કોંગ્રેસના વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ પર હુમલો કરવામાં આવ્યો છે. કોંગી ધારાસભ્ય અનંત પટેલ ખેરગામમાં યોજાનાર કાર્યક્રમમાં હાજરી આપવા જઈ રહ્યા હતા આ દરમિયાન હુમલો કરવામાં આવ્યો હતો. બીજેપીના કાર્યકર્તા દ્વારા આ હુમલો કરવામાં આવ્યાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. શનિવારે ખેરગામમમાં આશરે ૫૦૦૦ હજારથી વધુ લોકો એકઠા થયા હતા. ટોળાએ જીલ્લા પંચાયત પ્રમુખ ભીખુ આહીરની દુકાનમાં પણ તોડફોડ કરી આંગ ચાંપી દીધી હતી. કોંગ્રેસી ધારાસભ્ય અને આદિવાસી નેતા અનંત પટેલ પર હુમલા બાદ લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ઘટના બાદ રાહુલ ગાંધીએ પણ ટ્વીટ કર્યુ હતુ કે, આ હુમલો નિંદનીય છે. આજે પણ આ મુદ્દે રાજકારણ ગરમાયું છે. આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે અનંત પટેલ પર પલટવાર કરતા કહ્યું છે કે, આ લોકોએ કોઈ કામ નથી કર્યુ એટલે આદિવાસી પ્રજાને ભડકાવી રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# વીરાતલાવડી ગામે ૧૧૩ વર્ષના રૂપાબા ઠાકોરે અંતિમ શ્વાસ લીધા

## તેમની ઈચ્છા મુજબ વાજતે ગાજતે ડી.જે.ના તાલે વિદાય આપી



ચિલોડા, તા.૯

ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ ઉમંરના વયોવૃદ્ધ રૂપાબા સુરસંગજી ઠાકોરે ૧૧૩ વર્ષ બાદ અંતિમ શ્વાસ લઈ સ્વર્ગે સિધાવ્યા. સદગત રૂપાબા ઠાકોરના પુત્રો અને દિકરીઓની મોટી પૈઢી ધરાવતા હાલમાં ૫૧ત્ર રણજીતસિંહ લક્ષ્મણસિંહ ૩૫ વર્ષ ધરાવતા રૂપાબા (દાદી)ની અંગ્રેજ સરકાર - ગાયકવાડ સરકારમાં રૂપાબા અને તેમના પતિ ગાંધીજી અને કસ્તુરબાને આશ્રમમાં મુલાકાત થઈ હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત ગાયકવાડ સરકારમાં વડોદરા સ્ટેટ સમયે દાદાનું મોટું નામ હોવાથી લવાડથી કર ઉઘરાવવામાંથી મુક્તિ મળી હતી. આમ પૌત્ર રણજીતસિંહ ઠાકોરના જણાવ્યા પ્રમાણે દાદા-દાદીનું નામના ગૌરવ અપાવવાનું શ્રેષ્ઠતમ હતું. સ્વર્ગસ્થ રૂપાબા ઠાકોરની જીંદગીની લાંબી આયુષ્ય ભવે સૌ ગ્રામજનો - સ્નેહીજનો, પરિવારજનો માટે યાગદાર પ્રસંગમાં દાદાબીના અંતિમ ઈચ્છા મુજબ અંતિમ શ્વાસ પહેલા અંતિમયાત્રા ડી.જે.ના તાલે વાજતે-ગાજતે જયશ્રી રામ, જયશ્રી રામના મંત્ર સાથે ભજન-કિર્તન, સત્સંગ રૂપે ઘરેથી મુક્તિધામ સુધી યોજાઈ હતી. જ્યાં તેમને અગ્નિસંસ્કાર વિધિ સંપન્ન કરવામાં આવી હતી. સમગ્ર ગામમાં અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં અબીલ અબીલ-ગુલાલ અને ફુલહાર, પુષ્પાવર્ષા કરી, શ્રદ્ધાસુમન અર્પણ કરી વિદાય આપી હતી. સૌ શોકમગ્ન બન્યા હતા. યાદગાર પ્રસંગ રૂપે સૌ ગ્રામજનો રૂપાબાની શરૂથી અંતિમ સફર સુધીની યાત્રામાં દર્શને ઉમટ્યા હતા.

# પ્રધાનમંત્રીના કાર્યક્રમને પગલે ડેપોની ૨૫ બસો ફાળવાઈ

## ગાંધીનગર ડેપોની શહેરી તેમજ ગ્રામ્ય રૂટની બસ સેવા પણ પ્રભાવિત થશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર એસ ટી બસ ડેપોમાં છેલ્લા બે ત્રણ દિવસથી શહેરી બસ સેવાના રૂટો ખોરવાયા છે. ગાંધીનગર અમદાવાદ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ બસ સેવો ખોરવાઈ હોવાની બુમ ઉઠવા પામી છે. સોમવારે પણ પ્રધાનમંત્રીના કાર્યક્રમને અનુલક્ષીન ડેપો કક્ષાએથી વધુ ૨૫ બસો ફાળવવામાં આવી છે. જયારે આ સ્થિતિ વચ્ચે પણ અન્ય રૂટની બસ સેવા પ્રભાવિત થશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

કોરોના કાળ બાદ આમ પણ ગાંધીનગર એસ ટી ડેપોમાં વિવિધ રૂટની બસ સેવાનુ સંચાલન ખોરવાઈ ગયુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. યોગ્ય બસ સેવાના અભાવે શહેરી બસના રૂટમાં પણ વારંવાર મુસાફરોએ બસ સેવા માટે વલખા મારવા પડતા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે કોરોના બાદ સેકટરોમાં પણ ઘર આંગણેથી મુસાફરોને મળતી સેકટર બસનો રૂટ પણ બદલાઈ ગયો હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં પણ નવેસરથી રૂટ સેવા અલબત્ત બસ સંચાલનના રૂટ નિયત કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ સ્થિતિ વચ્ચે અનેકવિધ સરકારી કાર્યક્રમો અને લગ્નવર્ધિ તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં પણ સમયાંતરે બસોની ફાળવણી કરવામાં આવે છે. જેના લીધે શહેરી રૂટની બસ સેવા ખોરવાઈ છે. પ્રધાનમંત્રીના ગુજરાત પ્રવાસ દરમિયાન પણ એસ ટી ની બસો ફાળવવામાં આવી છે. પ્રધાનમંત્રીના સોમવારના કાર્યક્રમને અનુલક્ષીને પણ ગાંધીનગર ડેપો દ્વારા ૨૫ બસો ફાળવવામાં આવી છે જેના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો શહેરી રૂટ પણ પ્રભાવિત થશે જયારે ગાંધીનગર થી ગ્રામ્ય વિસ્તારમાં દોડતી બસ સેવાને અનુલક્ષીને રૂટમાં કમી આવતા સ્થાનિકોએ હાલાકી વેઠવી પડશે. કોરોના કાળ બાદ આમ પણ એસ ટી બસ સેવાના રૂટમાં ફેરફાર કરવાની અનિવાર્યતા છે. ત્યારે શહેરી બસ સેવા અને ગ્રામ્ય વિસ્તારમાં દોડતી વિવિધ રૂટની બસોને અનુલક્ષી યોગ્ય સંચાલન ગોઠવવા માટે વિવિધ રૂટનો અભ્યાસ કરી યોગ્ય રૂટમાં બસનુ સંચાલન સમયસર થાય તે માટે પણ અવારનવાર મુસાફરો દ્વારા રજુઆત કરવામાં આવી રહી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com